# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05/01/2026** **Morning : 7.10 to 7.20**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **ગાંધીનગરમાં મુખ્યમંત્રીએ ઉચ્ચ સ્તરીય બેઠક કરીને ટાઈફોઈડના કેસો રોકવા તાત્કાલિક પગલાં લેવા આરોગ્ય વિભાગને સૂચના આપી , પાણીપુરી સહિતની ખાણીપીણીની લારીઓને બંધ કરાવાઇ.**
2. **આગામી 11 જાન્યુઆરીએ રાજકોટ ખાતે યોજાનારી વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સની તૈયારીઓની નાયબ મુખ્યમંત્રી સમીક્ષા કરશે.**
3. **અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશન પર મુસાફરો સાથે ગેરવર્તણુંક કરનારા છ રિક્ષાચાલકો સામે રેલવે તંત્ર દ્વારા કાર્યવાહી .**
4. **આગામી 5 દિવસ દરમિયાન રાજ્યમાં ઠંડીનું પ્રમાણ ઘટે તેવી શક્યતા.**
5. **દીવના ઘોઘલા બીચ ખાતે આજથી પાંચ દિવસ માટે યોજાનારા ખેલો ઇન્ડિયા બીચ ગેમ્સમાં દેશભરના બે હજાર 100થી વધુ સહભાગીઓ ભાગ લેશે.**

------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# GANDHINGAR CM MEETING

ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં છેલ્લા કેટલાક દિવસથી ટાઈફોઈડના કેસોમાં નોંધપાત્ર વધારો થયો છે. ગાંધીનગરમાં ફેલાયેલા ટાઇફોઇડના રોગચાળાના કારણે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તેમના નિવાસસ્થાને આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી.

ગાંધીનગરના શહેરી વિસ્તારોમાં વધી રહેલા ટાઈફોઈડના કેસોના સંદર્ભમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના આરોગ્ય વિભાગના અગ્ર સચિવ સહિતના ઉચ્ચ અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી.

આ બેઠકમાં જિલ્લા કલેક્ટર, મ્યુનિસિપલ કમિશનર અને સિવિલ હોસ્પિટલના ઉચ્ચ અધિકારીઓ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ટાઇફોઇડના રોગચાળાને નિયંત્રિત કરવા માટે લેવાયેલા પગલાંની વિસ્તૃત માહિતી મેળવીને અધિકારીઓને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

---

# GANDHINAGAR TYPHOID ACTION

ગાંધીનગરમાં ટાઈફોઈડના કેસો વધતા મહાનગર પાલિકાએ પાણીપુરી અને ઠંડા પીણાંની 100થી વધુ લારીઓ તાત્કાલિક અસરથી બંધ કરાવી છે.

ગાંધીનગર શહેરમાં તાજેતરમાં વધી રહેલા પાણીજન્ય રોગચાળા અને ખાસ કરીને ટાઈફોઈડના કેસોને ધ્યાનમાં રાખીને, જાહેર સ્વાસ્થ્યના હિતમાં ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

મનપાની એસ્ટેટ શાખા અને ફૂડ સેફ્ટી વિભાગ દ્વારા સંયુક્ત રીતે મેગા ડ્રાઇવ યોજીને શહેરના વિવિધ વિસ્તારોમાં ખુલ્લામાં ખાદ્યપદાર્થો વેચતી લારીઓ સામે લાલ આંખ કરવામાં આવી છે.

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં આગામી સૂચના ન મળે ત્યાં સુધી, પાણીપુરી, બરફના ગોળા અને સોડા જેવી ચીજવસ્તુઓ વેચતા એકમોને બંધ રાખવાની સૂચના આપવામાં આવી છે.

---

## RAJKOT HARSH SANGHVI

આગામી 11 જાન્યુઆરીએ રાજકોટ ખાતે વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ યોજાશે. આ કોન્ફરન્સ કચ્છ સૌરાષ્ટ્રના ઉદ્યોગ સાહસિકો માટે પ્રગતિ અને તકોના નવા દ્વાર ખોલવા જઈ રહી છે. આ રિજનલ કોન્ફરન્સ અને તેને સંલગ્ન તૈયારીઓ હાલ પૂરજોશમાં ચાલી રહી છે. જેના અનુસંધાને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી આજે રાજકોટ જિલ્લાની મુલાકાતે જશે.

તેઓ કલેક્ટર કચેરી ખાતે સૌરાષ્ટ્ર કચ્છના વિવિધ ઔદ્યોગિક એસોસિએશન સાથે તેમજ રીજનલ કોન્ફરન્સના આયોજન સંબંધિત બાબતો અંગે વિવિધ બેઠકો કરશે. ત્યારબાદ નાયબ મુખ્ય પ્રેસ મીડિયાને સંબોધન કરશે. આ સંદર્ભે રાજકોટના ઉચ્ચ અધિકારીઓની બેઠક યોજાઇ હતી. જેમાં કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી.

---

## DAMAN- AADHAR

દમણમાં નાગરિકોને આધાર સંબંધિત સેવાઓ વધુ સુલભ અને ઝડપી રીતે મળી રહે તે હેતુથી દાભેલ ખાતે નવા આધાર સેવા કેન્દ્રનું ઉદ્ઘાટન આધારના ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ લવલેશ ઠાકુર સહિત અન્ય આગેવાનોની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું.

આ આધાર સેવા કેન્દ્રમાં આધુનિક ટેકનોલોજી અને પૂરતું માળખાગત સુવિધાઓ ઉપલબ્ધ છે. અહીં આધાર નોંધણી , માહિતી અપડેટ ઉપરાંત અન્ય મૂલ્યવર્ધિત સેવાઓ પણ એક જ સ્થળે ઉપલબ્ધ કરાશે , જેથી લોકોને લાંબી રાહ જોવાની જરૂર ન રહે. આ અંગે શ્રી ઠાકુરે આ મુજબ જણાવ્યું.

**બાઈટ - ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ લવલેશ ઠાકુર**

---

## RPF - AUTO DRIVER

રેલવે સુરક્ષા દળ - **RPF** દ્વારા અમદાવાદ રેલવે સ્ટેશન પર વિશેષ અભિયાન ચલાવી નિયમોનું ઉલ્લંઘન કરનાર રીક્ષા ચાલકો સામે કડક કાર્યવાહી કરવામાં આવી.

ગઇકાલે કાર્યવાહી દરમિયાન 6 રીક્ષા જપ્ત કરાઇ અને સંબંધિત રીક્ષા ચાલકો સામે રેલવે અધિનિયમની જોગવાઈઓ હેઠળ કાયદાકીય કાર્યવાહી કરવામાં આવી હતી. **RPF**ને રીક્ષા ચાલકો દ્વારા મુસાફરો સાથે અભદ્ર વર્તન કરવું તથા નિર્ધારિત દરો કરતાં વધુ ભાડું વસૂલવા અંગે સતત ફરિયાદો મળી હતી.

મુસાફરોને કોઈપણ પ્રકારની અસુવિધા ન થાય તે માટે આવા કેસોમાં કાર્યવાહી સતત ચાલુ રહેશે, તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

---

# GOVERNOR BOOK LAUNCH

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ગાંધીનગરમાં લોકભવન ખાતે શ્રી સ્વામિનારાયણ ગુરુકૂળ રાજકોટના ટ્રસ્ટી મનુ પટોલિયા દ્વારા લિખિત ફ્રોમ સ્ટાર્ટઅપ્સ ટુ સક્સેસ પુસ્તકનું વિમોચન કર્યું.

આ પ્રસંગે રાજ્યપાલે  જણાવ્યું કે, જીવનમાં સફળતા માત્ર આર્થિક પ્રગતિ સુધી જ સિમિત નથી, પરંતુ સંસ્કાર, નૈતિકતા અને માનવીય મૂલ્યોનું જતન પણ એટલું જ જરૂરી છે. આ પુસ્તક સંઘર્ષ કરતા યુવાનોને સાચી દિશા અને માર્ગદર્શન આપશે.

---

# WEATHER

રાજ્યમાં તાપમાનનો પારો ગગડતા ઠંડીનો ચમકારો વર્તાઈ રહ્યો છે. 8 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન સાથે નલિયા સૌથી ઠડું શહેર બન્યું છે.  આ ઉપરાંત રાજકોટમાં 9, કંડલા હવાઈ મથક ખાતે 10 , ભુજ અને ડીસામાં 11 કેશોદમાં 12 ડિગ્રી સેલ્સિયસ જ્યારે અમદાવાદની આસપાસના વિસ્તારોમાં 14 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું.

હવામાન વિભાગની યાદી અનુસાર રાજ્યમાં આગામી 5 દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાનમાં 2થી 3 ડિગ્રીનો વધારો થવાની શક્યતા છે.

---

## BEACH FESTIVAL

કેન્દ્રશાસિત પ્રદેશ દીવ અરબી સમુદ્રના ઘોઘલા બીચ ખાતે આજથી પાંચ દિવસ માટે ખેલો ઇન્ડિયા બીચ ગેમ્સ માટે ભવ્ય તૈયાર છે . બ્લુ ફ્લેગ બીચ ઘોઘલા ખાતે ખેલો ઇન્ડિયા બીચ ગેમ્સની મોટા ભાગની તૈયારીઓ પૂર્ણ થઈ છે.

આ બીચ ગેમ્સમા બીચ વોલીબોલ , બીચ સોકર, સેપક તકરા, બીચ કબડ્ડી, પેનકક સિલાટ અને ઓપન વોટર સ્વિમિંગ ,. મલ્લખંભ અને ટગ ઓફ વોરનો સમાવેશ થાય છે. આ રમતોમાંથી પ્રથમ છ મેડલ ઇવેન્ટ્સ હશે , જેમાં કુલ 32 સુવર્ણ ચંદ્રક માટે સ્પર્ધા થશે.

આ અંગે સ્પોર્ટસ ડાયરેક્ટર અરૂણ ગુપ્તાએ વધુ માહિતી આપી હતી.

**(બાઈટ – અરૂણ ગુપ્તા, ડાયરેક્ટર સ્પોર્ટસ)**

---

## GANNDHINAGAR PRAKRUTI KATHA

ગ્રીન સિટીનું બિરુદ ધરાવતા પાટનગર ગાંધીનગરમાં દેશની સૌ પ્રથમ પ્રકૃતિ પ્રેમ ભાગવત કથા- જ્ઞાનયજ્ઞ મહોત્સવ આગામી પહેલીથી સાત ફેબ્રુઆરી સુધી યોજાશે.

કથાકાર રમેશ ઓઝાની વ્યાસપીઠ પરથી આ પ્રકૃતિ કથા યોજાશે તેમ આયોજક મહેન્દ્ર ત્રિવેદીએ જણાવ્યું હતું.

**બાઈટ - મહેન્દ્ર ત્રિવેદી, પ્રકૃતિ પ્રેમી, કથાના આયોજક**

---

# GODHRA – BLOOD DONATION

પંચમહાલના ગોધરામાં ગઇકાલે રક્તદાન શિબિર યોજાઇ હતી. ભારત મિનરલ કોર્પોરેશન અને ભારત સિલીકા વર્ક્સના સંયુક્ત ઉપક્રમે યોજાયેલી શિબિરમાં 150થી વધુ બોટલ રક્ત એકત્ર કરાયું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકોએ સ્વૈચ્છિક રક્તદાન કર્યું હતું.

---

# NARMADA JUNGLE SAFARI

નર્મદા જિલ્લાના કેવડીયામાં 324 એકરના વિસ્તારમાં જંગલ સફારી પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની છે. તાજેતરમાં જ પ્રવાસીઓના અનુભવને વધુ રોમાંચક બનાવવા એક ભવ્ય ડોમમાં સર્પ ગૃહ ખુલ્લુ મૂકવામાં આવ્યું છે.

આ અંગે જંગલ સફારી પાર્કના નિયામક બિપુલ ચક્રવર્તીએ વધુ માહિતી આપી.

## બાઇટ : બિપુલ ચક્રવર્તી, નિયામક, જંગલ સફારી પાર્ક

---

# GASTRIC PULL-UP SURGERY - AHMEDABAD

અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં જન્મજાત અન્નનળીની ગંભીર ખામીથી પીડાતી 5 વર્ષની બાળકીની  સફળતા પૂર્વક ગેસ્ટ્રિક પુલ-અપ સર્જરી કરાઈ છે. અત્યંત જટિલ સર્જરીમાં હોજરીને ખેંચી તેમાંથી અન્નનળી બનાવવામાં આવે છે.

**ખાનગી હોસ્પિટલમાં ચારથી પાંચ લાખ રૂપિયાના ખર્ચની સામે સિવિલ હોસ્પિટલ  ખેડાની આ બાળકીની નિશુલ્ક સર્જરી કરાઈ છે. ઉલ્લેખનીય છે વર્ષ 2025માં સિવિલ હોસ્પિટલના ડોક્ટરો દ્વારા આવી ત્રણ ગેસ્ટ્રીક સર્જરી કરી 3 બાળકોના જીવનમાં સ્વાદ ઉમેરાયો છે.**

---